સરદાર પટેલ યુનિવર્સિટી
યુનિવર્સિટી રોડ, પો.બો. નંબર: ૧૦,
વલ્લભ વિદ્યાનગર - ૩૮૮૧૨૦ (ગુજરાત)
નેક એક્રેડિએશન ગ્રેડ "એ" (૧૦-૦૧-૨૦૨૩ થી ૦૯-૦૧-૨૦૨૮)
ફોન: ૦૨૬૯૨-૨૨૬૮૦૮/૮૫; ઈ-મેલ: exam_spu@spuvvn.edu; વેબસાઈટ: www.spuvvn.edu

**પરીક્ષા વિભાગ**

## અગત્યનો પરિપત્ર

**વિષય : સ્નાતક કક્ષાની સેમેસ્ટર ૧ અને અનુસ્નાતક કક્ષાની સેમેસ્ટર ૧, ૩ પરીક્ષાના આંતરીક ગુણ ઓનલાઇન પોર્ટલ પર એન્ટ્રી કરવા બાબત.**

આથી સંબંધકર્તા સર્વે યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ/ઇન્સ્ટીટ્યુશનોના નિયામકશ્રીઓ/વિભાગના વડાશ્રીઓને ઉપરોક્ત વિષયના અનુસંધાનમાં જણાવવાનું કે **સ્નાતક કક્ષાની સેમેસ્ટર ૧ અને અનુસ્નાતક કક્ષાના સેમેસ્ટર ૧, ૩, સેમેસ્ટરના વિદ્યાર્થીઓના આંતરીક ગુણ** ઓનલાઇન એન્ટ્રી કરવા માટેની લીંક **તારીખ : ૦૬/૧૧/૨૦૨૪ થી તારીખ : ૩૦/૧૧/૨૦૨૪** સુધી ચાલુ રહેશે. **આથી છેલ્લી તારીખ : ૩૦/૧૧/૨૦૨૪ રહેશે. જેની ખાસ નોંધ લેવી.**

**વિદ્યાર્થીના આંતરીક ગુણ જમાં કરવા માટેની સુચનાઓ.**

(૬) ઓનલાઇન આંતરીક ગુણ એન્ટ્રી કર્યાબાદ **વિષયવાઇઝ સીટ ડાઉનલોડ** કરી, સંબંધકર્તા **અધ્યાપક તથા કલાર્ક દ્વારા વેરીફાઇ કરી તેમની સહી મેળવી**, જો કોઇ સુધારો હોય તો ઓનલાઇન પોર્ટલમાં સુધારો કરી તેની નવી પ્રિન્ટ આઉટ લઇ વિદ્યાર્થીના જાણ સારૂ **નોટીસ બોર્ડ ઉપર મુકવી.**
**વિષયવાઇઝ સીટ ડાઉનલોડ** કરવા માટે:
(Pre-Examination Report Module→ Internal Marks)

(૭) વિદ્યાર્થી દ્વારા પોતાના આંતરીક ગુણ તપાસતા જો કોઇ ભુલ જણાયતો **વિદ્યાર્થીઓએ સંબંધકર્તા વડાશ્રી/અધ્યાપક/આચાર્યશ્રીનું ધ્યાન દોરવું** તથા અધ્યાપક/આચાર્યશ્રી/વડાશ્રી દ્વારા જો ભુલ યોગ્ય જણાય તો તેનો જરૂરી સુધારો ઓનલાઇન પોર્ટલ પર કરવાનો રહેશે.

(૮) બધાજ સુધારા કર્યા બાદ માર્કસને યુનિવર્સિટી પોર્ટલ પર લોક (Lock) કરવા. એકવાર (Lock) કર્યા બાદ કોલેજ દ્વારા કોઇપણ પ્રકારનો સુધારો, કોલેજ પોર્ટલ પર કરી શકાશે નહી જેની ખાસ નોંધ લેવી.

(૯) (Lock) કર્યા બાદ કોન્સોલીડેટેડ (Consolidated) રીપોર્ટની પ્રિન્ટ આઉટ લઇ, વિદ્યાર્થીઓની સહી તેમના માર્કસ સામે ફરજીયાત લેવી. જેથી ભવિષ્યમાં આંતરીક ગુણના સુધારાનો કોઇ અવકાશ રહે નહી.

(૧૦) વિદ્યાર્થીઓ દ્વારા સહી કરતા સમયે જો કોઇ પ્રકારની ભુલ જણાયતો **તારીખ :૦૫/૧૨/૨૦૨૪** સુધીમાં યુનિવર્સિટીમાં પત્ર દ્વારા, જરૂરી પુરાવા સાથે,માર્કસ રજૂ કર્યા પછી, યોગ્ય જણાશે તો સુધારો કરી શકાશે. **તારીખ :૦૫/૧૨/૨૦૨૪ પછી** નિયમ અનુસાર માર્કસ સુધારાની કાર્યવાહી કરવાની રહેશે.

યુનિવર્સિટી દ્વારા વખતોવખત યુનિવર્સિટીમાં (ઓનલાઇન સબમીટ કરેલ) આંતરીક ગુણ જમા કરાવતા પહેલા જરૂરી ચકાસણી કરવા તથા કાળજી લેવા બાબતે સંબંધકર્તાઓને જાણ કરવામાં આવે છે. તેમ છતાં યુનિવર્સિટીમાં જમા કરાવવામાં આવતા આંતરીક ગુણોમાં **ઘણા પ્રકારની ભૂલો ધ્યાન પર આવે છે.** જેના લીધે વિદ્યાર્થીઓનાં પરીણામમાં વિલંબ થાય છે. જેની સીધી અસર વિદ્યાર્થીના ભવિષ્ય ઉપર પડે છે.

# સરદાર પટેલ યુનિવર્સિટી

યુનિવર્સિટી રોડ, પો.બો. નંબરઃ ૧૦,
વલ્લભ વિદ્યાનગર - ૩૮૮૧૨૦ (ગુજરાત)
નેક એક્રેડિએશન ગ્રેડઃ "એ" (૧૦-૦૧-૨૦૨૩ થી ૦૯-૦૧-૨૦૨૮)

પીએમ-उषा PM-UShA

ફોનઃ ૦૨૬૯૨-૨૨૬૮૦૮/૮૫; ઈ-મેલઃ exam_spu@spuvvn.edu; વેબસાઈટઃ www.spuvvn.edu


**ખાસ અગત્યનું**

| | |
|---|---|
| નોંધઃ (૧). | કોન્સોલીડેટેડ (Consolidated) રીપોર્ટ ની પ્રિન્ટ આઉટ લઇ વિદ્યાર્થીઓની સહી કરાવી એક કોપી કોલેજ/વિભાગના વડાશ્રીના સહી સિક્કા સાથે યુનિવર્સિટીના પરીક્ષા વિભાગમાં જમા કરાવવાની રહેશે. |
| નોંધઃ (૨). | સદર વિદ્યાર્થીઓના આંતરીક ગુણ યુનિવર્સિટી પોર્ટલ ઉપર ઓનલાઇન જમા કરવામાં આવેલ છે તે તમામ વિદ્યાર્થીઓના **વિષય વાઇઝ** આંતરીક ગુણની હાર્ડ કોપી યુનિવર્સિટીમાં જમા ન કરાવતા કોલેજે/વિભાગોએ તેઓની પાસે સાચવીને રાખવા. |
| નોંધઃ(૩). | જ્યારે ઓફલાઇનના વિદ્યાર્થીઓના આંતરીક ગુણની ૦૧હાર્ડ કોપી કોલેજ/વિભાગ ના વડાશ્રીના સહી સીક્કા સાથે પરીક્ષા વિભાગમાં જમા કરાવવી. |
| નોંધઃ(૪). | આંતરીક પરીક્ષાને લગતી તમામ જરૂરી માહિતીની યોગ્ય જાળવણી કરવી, આંતરીક ગુણ પરથી યુનિવર્સિટીને જરૂર જણાશે તો, જે તે કોલેજ/વિભાગ પાસેથી જરૂરી પુરાવા સાથેની માહિતી યુનિવર્સિટી દ્વારા મંગાવવામાં આવશે. |

**નોંધ : (૧) ટેકનીકલ અને સીક્યુરીટી કારણોસર ઇન્ટરનલ માર્કસની Excel File અપલોડ કરવાની સિસ્ટમ બંધ કરેલ છે.**

**(૨) પરીક્ષા વિભાગનો અગત્યનો પરિપત્ર, નં. ઇ-૩/૪૫૬, તારીખ : ૦૫/૦૫/૨૦૨૨ ખાસ ધ્યાનમાં લેવો.**

**નંબર/ઈ-૩/** 1787
**વલ્લભ વિદ્યાનગર**
**તારીખ : ૨૮/૧૦/૨૦૨૪**

**કુલસચિવ**

નકલ સવિનય રવાનાઃ

(૧) ડાયરેક્ટરશ્રી, કોમ્પ્યુટર સેન્ટર, સરદાર પટેલ યુનિવર્સિટી વલ્લભ વિદ્યાનગર.

(૨) યુનિવર્સિટી વિભાગોના વડાશ્રીઓ/યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રી/ યુનિવર્સિટી સંલગ્ન ઇન્સ્ટીટ્યુશનોના નિયામકશ્રીઓ તરફ જરૂરી જાણ સારૂ તથા યોગ્ય કાર્યવાહી સારૂ.